Machine Tools
Manufacturers Association

44,"Shivanand Complex", 4th Floor, Dhebar Road,
Rajkot-360 002 (Guj.) INDIA
Tel. Fax : +91-281- 2238708
E.: mtmarajkot@gmail.com W.: www.mtmarajkot.org

સરકયુલર નં. ૦૨/૨૦૧૮–૧૯ તા. ૦૯.૦૪.૨૦૧૮

સભ્ય ભાઈઓશ્રી,

એસોસીએશન ના સર્વે સભ્યોની વ્યવસાયીક માહિતી સાથેની **મેમ્બર્સ ડિરેકટરી**ની અગાઉની ૮ આવૃતિઓની ઉજજવળ સફળતા બાદ એસોસીએશને **મેમ્બર્સ ડિરેકટરી ૨૦૧૮–૧૯** ની ૯ મી આવૃતિ બહાર પાડવા માટેનું આયોજન કરેલ છે. આ ડિરેકટરીનું ભારતભરના વિવિધ એકઝીબીશનોમાં એસોસીએશન દવારા વિતરણ કરવામાં આવે છે. આ ડિરેકટરી બનાવવાનો કોન્ટ્રાકટ **સનરાઈઝ ઈન્ફોકોમ, રાજકોટ** ને આપવામાં આવેલ છે. તો દરેક સભ્યભાઈઓને નમ્ર વિનંતી કે આપના એકમની જાહેરાત અચુક આપી એસોસીએશનનાં આ કાર્યમાં યોગ્ય સહકાર આપવા વિનંતી.

આ ડિરેકટરીમાં દરેક સભ્યની વ્યવસાયીક માહિતી જેમ કે પેઢીનું નામ, એડ્રેસ, ફોન નંબર, ઈ–મેઈલ, વેબસાઈટ તથા પ્રોડકટસનો સમાવેશ પણ કરવામાં આવશે.

**<u>ડિરેકટરી બાબત નોંધ :–</u>**

૧. **સનરાઈઝ ઈન્ફોકોમ, રાજકોટ** દવારા જાહેરાત **વહેલા તે પહેલાના ધોરણે** સ્વીકારવામાં આવશે.

૨. એસોસીએશનની મેમ્બર્સ ડીરેકટરીમાં જાહેરાત માટે બ્રોસરમાં આપેલ કાર્ડ રેટ ઉપર **સભ્યભાઈઓને એપ્રીલ તથા મે માસ સુધીમાં ૧૫% ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે, ત્યાર બાદ કોઈ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે નહી.

૩. મેમ્બર્સ ડિરેકટરીમાં જાહેરાતનો ચેક **'મશીન ટુલ્સ મેન્યુ. એસોસીએશન'** ના નામનો બુકીંગ વખતે જ આપવાનો રહેશે, તથા ચેક સાથે આપની કંપની / પેઢીનો GST નંબર પણ સાથે મોકલી આપવાનો રહેશે.

૪. મેમ્બર્સ ડિરેકટરીમાં ફુલ પેઈઝ જાહેરાત આપનારને જ પ્રોફાઈલ પેઈઝ મળી શકશે, જેનો ચાર્જ અલગથી રહેશે. પ્રોફાઈલ પેઈઝમાં કંપનીની માહિતી અને પ્રોડકટસ સીવાયના ફોટોગ્રાફ મુકવામાં આવશે.

૫. મેમ્બર્સ ડિરેકટરી માટે લીસ્ટીંગ ફોર્મ **સનરાઈઝ ઈન્ફોકોમ, રાજકોટ** ના પ્રતિનીધી દવારા ભરવામાં આવશે જે ચેક કરીને સહિ–સિકકા કરી તેઓને પરત આપવાનું રહેશે. જો કોઈ સભ્યભાઈએ ફોર્મ સહિ–સિકકા વગરનું આપેલ હશે કે પરત આપેલ નહી હોય અને જો મેમ્બર લીસ્ટીંગમાં કોઈ ભુલ હશે તો તેની જવાબદારી જે તે સભ્યભાઈની રહેશે. મેમ્બર્સ લીસ્ટીંગ ફોર્મમાં દરેક કંપનીના બે અધીકૃત પ્રતિનીધીના નામ ફરજીયાત આપવાના રહેશે.

૬. જાહેરાતની ડિઝાઈન **સોફટ કોપીમાં CDR / JPEG ફોર્મેટમાં જ પેઈઝ / જાહેરાતની સાઈઝ પ્રમાણે** આપવાની રહેશે જે મોકલવાની છેલ્લી **તારીખ** ૩૦.૦૬.૨૦૧૮ સુધીની રહેશે.

૭. મેમ્બર્સ ડિરેકટરીને લગતી તમામ બાબતોનો આખરી નિર્ણય એસોસીએશનની ડિરેકટરી કમીટીનો રહેશે.

આભાર સહ,
**મશીન ટુલ્સ મેન્યુ. એસોસીએશન** વતી,

**રાજુભાઈ ભંડેરી**
**પ્રમુખ**